પી.એન.જી./એલ.પી.જી. સહાય યોજનામાં રાજયની તમામ નગરપાલિકાઓ તથા નર્મદા અને દાહોદ સમગ્ર જિલ્લાનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,
ઠરાવ ક્રમાંક: એલપીજી/૧૦૨૦૧૮/૧૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨/૧૧/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો ઠરાવ ક્રમાંક: એલપીજી/૧૦૨૦૧૮/૧૭/બ તા. ૨૦/૦૪/૨૦૧૮.

(૨) આ વિભાગનો ઠરાવ ક્રમાંક: એલપીજી/૧૦૨૦૧૮/૧૬/બ, તા. ૨૬/૦૪/૨૦૧૮.

(૩) આ વિભાગનો ઠરાવ ક્રમાંક: એલપીજી/૧૦૨૦૧૮/૧૬ (પાર્ટ ફાઈલ)/બ,તા. ૦૪/૦૫/૨૦૧૮.

(૪) નિયામકશ્રી નાગરિક પુરવઠા કચેરીનો તા.૧૪/૯/૨૦૧૮નો પત્રક્રમાંક: અતલ/કસન/વિભાગ/માહિતી/ફા.નં. ૩૫૦/૨૦૧૭

(૫) નિયામકશ્રી નાગરિક પુરવઠા કચેરીનો તા.૧૨/૯/૨૦૧૮નો પત્રક્રમાંક:અતલ/કસન/પીએનજી એલપીજી સહાય/બજટ/૩૫૭/૨૦૧૮.

આમુખ:-

અંત્યોદય/બીપીએલ કેરોસીન મળવાપાત્ર કુંટુંબોને સબસિડીના ધોરણે ગેસ જોડાણ આપવા માટે વિભાગે સંદર્ભ (૧)માં દર્શાવેલ તા.૨૬/૪/૨૦૧૮ના ઠરાવથી પીએનજી/એલપીજી સહાય યોજના જાહેર કરી છે. જે ૧લી મે,૨૦૧૮થી અમલ મૂકવામાં આવેલ છે. આ યોજનામાં પ્રથમ તબક્કામાં રાજયની આઠ મહાનગરપાલિકા હેઠળનો શહેરી વિસ્તાર, જિલ્લાઓના મુખ્ય મથક(શહેરી વિસ્તાર) તથા સમગ્ર નવસારી જિલ્લાના બીપીએલ તથા અંત્યોદય કેરોસીન કાર્ડધારકોનો સમાવેશ કરવામાં આવેલ છે. અને તે માટે રૂ. ૭૧.૯૪ કરોડની નવી બાબતની જોગવાઈને અનુમતિ આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને પીએનજી/એલપીજી ગેસ જોડાણ સંબંધિત જે તે ઓઈલ કંપની/ પીએનજી કંપની દ્વારા છૂટું(Release) કરવામાં આવે તે માટે રાજય સરકાર દ્વારા સંબંધિત કંપનીને પ્રતિ જોડાણ રૂ. ૧૬૦૦/-ના ચૂકવણા કરવા માટેની કાર્યપધ્ધતિ આ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા. ૪/૫/૨૦૧૮ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં અન્ય કેટેગરીઓનો સમાવેશ થતા ઉપર્યુકત રૂ. ૭૧.૯૪ કરોડની બજેટ જોગવાઈની મર્યાદામાં રાજય સરકારની પીએનજી/એલપીજી સહાય યોજનાના બીજા તબક્કામાં રાજયની તમામ નગરપાલિકાઓનો, તથા દાહોદ અને નર્મદા જિલ્લા(Aspirational Districts)નો રાજયની હાલની પીએનજી/એલપીજી સહાય યોજનામાં સમાવેશ કરવા નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરીએ સંદર્ભ (૪ અને ૫)માં દર્શાવેલ પત્રોથી દરખાસ્ત કરેલ છે. પીએનજી નેટવર્ક ખૂબ મર્યાદિત વિસ્તારમાં છે. પીએનજી નેટવર્ક જયાં હોય તે સમગ્ર ગુજરાત રાજયનો સમાવેશ કરવા પણ દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આ વિભાગની પીએનજી/એલપીજી સહાય યોજનાના બીજા તબકકામાં રાજયની તમામ નગરપાલિકાઓનો વિસ્તાર તેમજ દાહોદ અને નર્મદા જીલ્લાનો સંપૂર્ણ વિસ્તારનો સમાવેશ કરી વિસ્તારમાં બાકી રહેતા લાયક બીપીએલ કેરોસીનપાત્ર લાભાર્થીઓને આ યોજના હેઠળ એલપીજી/પીએનજી ગેસ જોડાણ આપવા અનુમતિ આપવામાં આવે છે. તદ્ઉપરાંત પીએનજી માટે સમ્રગ ગુજરાત રાજયના (શહેરી અને ગ્રામીણ) વિસ્તારમાં બાકી રહેતા લાયક બીપીએલ કેરોસીન કાર્ડધારકોને આ યોજના હેઠળ પીએનજી ગેસ જોડાણ આપવા અનુમતિ આપવામાં આવે છે.

૨. યોજનાનું અમલીકરણ વિભાગના તા.૨૦/૪/૨૦૧૮, તા.૨૬/૦૪/૨૦૧૮ અને તા.૪/૫/૨૦૧૮ ના ઠરાવો મુજબ જ કરવાનું રહેશે. તથા આ અંગે ભારત સરકારે આપેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૩. આ અંગેનુ ખર્ચ માંગણી ક્રમાંક-૨૨, મુખ્ય સદર-૩૪૫૬, ગૌણ સદર-૧૯૦, પેટા સદર-૧૪, ઓબ્જેકટ હેડ-૩૩૫૫- સહાયકી (ગ) અન્યને ખાતે ખર્ચ ઉધારવાનો રહેશે. અને તે માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન કરવામાં આવેલ રૂ. ૭૧૯૪ લાખની જોગવાઈમાંથી ખર્ચ કરવાનો રહેશે.

૪. આ ઠરાવ નાણાં વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા. ૧૭/૧૦/૨૦૧૮ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Maparekh.

(એમ.એ. પારેખ)

સેકશન અધિકારી

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રી,
- સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ/અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ
- સ્ટેટ લેવલ કો-ઓર્ડિનેટરશ્રી, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ઈન્ડિયન ઓઈલ ભવન, ૨૦૫, સોલા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
- સિનિયર રિજયોનલ મેનેજર, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., પેટ્રોલિયમ હાઉસ, સોનીપુર ચાર રસ્તા, મુ. પો. સરઢવ, જિ. ગાંધીનગર.
- ટેરિટરી મેનેજરશ્રી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., ગોલ્ડન ટ્રાયએન્ગલ , નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી,અને સ્ટેટ લેવલ કો-ઓર્ડિનેટર(PNG), ગુજરાત ગેસ શાંતિ સદન સોસાયટી પરીમલ ક્રોસિંગ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ.
- સર્વે અધિકારીશ્રીઓ, સર્વે શાખાઓ, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ.
- સિલેકટ ફાઈલ
- સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, ઠરાવની વિગતો ઓનલાઈન મૂકવા સારું.